પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૯૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૦૮-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બિહારમાં હવે રાજદ-જદયુની સરકાર

# નીતિશકુમાર આઠમીવાર મુખ્યમંત્રી બન્યા, તેજસ્વી યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા





પટણા,

બિહારમાં મંગળવારે મોટો રાજકીય ઉલટફેર થયો. નીતિશકુમારે ભાજપ સાથે નાતો તોડીને આરજેડી-કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવવાનો નિર્ણય લઈ લીધો. જેડીયુના નેતા નીતિશકુમારે આજે ૮મી વખત બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યપાલ ફાગુ ચૌહાણે નીતિશકુમારને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા. આરજેડી નેતા તેજસ્વી યાદવે બીજીવાર ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા. ૭ વર્ષમાં નીતિશકુમાર આઠમીવાર સીએમ બન્યા જે બિહારના રાજકારણના ઈતિહાસમાં એક રેકોર્ડ છે. તેજસ્વી યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતાં શપથ લેતાની સાથે જ તેજસ્વીએ નીતીશ કુમારના ચરણ સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા.

સોગંદ વિધિ સમારંભમાં લાલુ પ્રસાદ યાદવના પત્ની અને પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી પણ હાજર રહ્યાં હતાં તેમણે કહ્યું કે હું ખુબ ખુશ છું. આ બધુ તમારા લોકોના કારણે જ થયું છે. તેમણે એમ પણ કહ્યું કે જૂનું બધુ માફ છે. તેજસ્વી યાદવના પત્ની પણ સમારોહમાં હાજર રહ્યા હતાં તેમણે પણ પોતાની ખુશી વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે નીતીશજી અને તેજસ્વીની જોડી બિહારને વિકાસના માર્ગે લઈ જશે જોકે, તેજસ્વીના પિતા અને આરજેડી સુપ્રીમો લાલુ યાદવ નાદુરસ્ત તબિયતના કારણે કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હતા. જો કે, શપથ લેતા પહેલા નીતીશે લાલુ સાથે ફોન પર વાત કરી અને રાજકીય સ્થિતિ વિશે જાણકારી આપી હતી. આ ઉપરાંત રાજદના નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.જદયુ અને કોંગ્રેસના નેતાઓ પણ સોગંદવિધિમાં હાજર હતાં.સીએમ પદના શપથ લીધા બાદ નીતીશ કુમારે નડ્ડા પર વળતો પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે ભાજપને લાગતું હતું કે વિપક્ષ ખતમ થઈ જશે. પણ હવે અમે વિપક્ષમાં પણ છીએ. આટલું જ નહીં નીતીશ કુમારે મોદીનું નામ લીધા વિના નિશાન સાધ્યું હતુ. નીતીશ કુમારે કહ્યું કે ૨૦૧૪માં આવનારા ૨૦૨૪માં રહેશે, તો ને તેમણે વધુમાં કહ્યું હતુ કે અમે રહીએ કે ન રહીએ, તેઓ ૨૦૨૪માં નહીં રહે.

દરમિયાન નવા ગઠબંધન અને નવી સરકારના શપથગ્રહણ સમારોહ વચ્ચે એનડીએ ગઠબંધન તોડવા બદલ ભાજપે આજે ધરણા પ્રદર્શન કર્યા હતાં ભાજપના નેતા શાહનવાઝ હુસૈને કહ્યું કે નીતિશજીના સાથી સારા નથી. 'અચ્છા સિલા દિયા અમ લોકો કે પ્યાર કા'. આ ખુબ ખોટી વાત છે. જ્યારે પણ મળ્યા ત્યારે ક્યારેય એવો અહેસાસ ન થયો કે તેઓ છોડીને જશે. લોકસભાની ચૂંટણીમાં ભાજપ ૪૦ બેઠક જીતશે.જયારે રવિશંકર પ્રસાદ અને ગિરિરાજ સિંહ સહિતના નેતા હાજર રહ્યા હતા. ગિરિરાજ સિંહે કહ્યુ કે નીતિશ કુમારે જનતા સાથે છેતરપિંડી કરી છે. જનતા તેમને જરૂર પાઠ ભણાવશે. તો રવિશંકર પ્રસાદે પણ નીતિશ કુમાર પર પ્રહારો કર્યા હતા.

અત્રે જણાવવાનું કે નીતિશકુમારની પાર્ટી જેડીયુએ મંગળવારે ભાજપ સાથે પોતાનું ગઠબંધન તોડી નાખ્યું. ત્યારબાદ નીતિશકુમારે રાજ્યપાલ ફાગુ ચૌહાણને મળીને રાજીનામું સોંપી દીધુ અને રાજ્યમાં આઠમીવાર નવી સરકાર બનાવા માટે દાવો રજૂ કર્યો. ૭૧ વર્ષના નીતિશકુમાર મંગળવારે તેજસ્વી યાદવ સહિત વિપક્ષી મહાગઠબંધનના અન્ય સહયોગીઓ સાથે રાજભવન જઈને રાજ્યપાલને મળ્યા અને ૧૬૪ ધારાસભ્યોના સમર્થનનો પત્ર સોંપ્યો. બિહાર વિધાનસભામાં હાલ ૨૪૨ સભ્યો છે. જ્યારે બહુમતીનો આંકડો ૧૨૨ છે. ભાજપના નેતૃત્વવાળા એનડીએને છોડીને નીતિશકુમાર આઠમીવાર મુખ્યમંત્રી પદના શપથ લીધા હતાં નીતિશ સાત પક્ષોના ગઠબંધનનું નેતૃત્વ કરશે.

રાજદ નેતા તેજસ્વી યાદવે કહ્યુ કે ભાજપનું કામ માત્ર નાની પાર્ટીઓને નષ્ટ કરવાનું છે. પરંતુ બિહારમાં આમ થશે નહીં. બિહારમાં તમામ પાર્ટીઓનું અમને સમર્થન છે. તેવામાં વિધાનસભામાં વિપક્ષ પર માત્ર ભાજપ બેસવાનું છે. આ દરમિયાન આરજેડીએ વિધાનસભાના અધ્યક્ષ વિજય કુમાર સિન્હા સામે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કર્યો છે રિપોર્ટ્સ અનુસાર, ફ્લોર ટેસ્ટના સમયે નવા સ્પીકર માટે પણ ચૂંટણી યોજાશે. મહાગઠબંધન તરફથી સ્પીકરની ખુરશી આરજેડીને મળી શકે છે. જો કે કોંગ્રેસે પણ સ્પીકરની ખુરશી પર દાવો કર્યો છે. નીતીશ કુમારના સત્તાવાર નિવાસસ્થાને બેઠક યોજાઇ હતી જેમાં તેજસ્વી યાદવની સાથે મંત્રીઓના પોર્ટફોલિયો બાબતે ચર્ચા થઈ હતી આ સાથે જ વિધાનસભા અધ્યક્ષને લઈને પણ મંથન કરવામાં આવ્યું હતું બેઠકમાં જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ લલન સિંહ, વિજય ચૌધરી અને શ્રવણ કુમાર પણ હાજર રહ્યા હતા.

કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે જણાવ્યું હતું કે બિહારમાં જે કંઈપણ થયું તે ઓપરેશન લોટસથી કેટલું અલગ છે. ન તો કોઈ રોકડ મળી કે ન તો ઈડીના દરોડા પડ્યા. ન તો આસામના સીએમની જરૂર પડી, ન રિસોર્ટની. મહારાષ્ટ્રમાં ભાજપ પક્ષપલટો કર્યો, બિહારમાં તેને હાંકી કાઢવામાં આવ્યું છે.

### નીતિશ કુમારની એનડીએ છોડીને મહાગઠબંધન સાથે હાથ મિલાવવાની વિરુદ્ધ ભાજપના નેતાઓએ ધરણા કર્યા

જદયુના નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે એનડીએ સાથે છેડો ફાડી રાજદ કોંગ્રેસના ટેકાથી સરકાર બનાવી લીધી છે. નીતીશકુમારે એનડીએ સાથે છેંડો ફાડી ભાજપ પર પ્રહારો કર્યા હતાં અને આરોપ લગાવ્યો હતો કે ભાજપ તેમની પાર્ટીને નબળી પાડવાનો પ્રયાસ કર્યો છે. જો કે નીતીશકુમારના એનડીએ સાથે છેડો ફાડવાના અને ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે પ્રહારો કરવાના વિરોધમાં ભાજપ કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કર્યા હતાં આ પ્રદર્શનમાં ભાજપના નેતાઓ હાજર રહ્યાં હતાં. ભાજપ આગામી દિવસોમાં પણ નીતીશકુમારની દગાબાજીનો વિરોધ કરવા માટે જીલ્લા મુખ્ય મથકો પર પણ ધરણા પ્રદર્શન કરશે. ભાજપ કાયાલય ખાતે વિરોધ પ્રદર્શનમાં ભાજપના કાર્યકરો નેતાઓ ભાજપના પદાધિકારીઓ અને ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. મહિલાઓ પણ મોટી સંખ્યામાં હાજર રહી હતી મહીલાઓએ નીતીશના વિરોધમાં ફિલ્મી ગીતોનો સહારો લીધો હતો જેમાં અચ્છા સીલા દિયા તુને મેરા પ્યાર કા.. સહિતના ગીતો સામેલ હતાં.

# ઘઉં-ચોખા બાદ હવે તુવેર અને અડદના ભાવ વધ્યા, ભારે વરસાદથી પાકને નુકસાન!



અમદાવાદ,

છેલ્લા કેટલાક દિવસોમાં તુવેર અને અડદની દાળના ભાવમાં ૧૫ ટકાનો વધારો થયો છે. વાસ્તવમાં વર્તમાન ખરીફ સિઝનમાં ભારે વરસાદને કારણે પાણી ભરાવાને કારણે વાવણી ઘટી છે, જેથી પાકને નુકસાન થયું છે. મહારાષ્ટ્રના લાતુરમાં છ સપ્તાહમાં તુવેર દાળની કિંમત ૯૭ રૂપિયાથી વધીને ૧૧૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

ખરીફ પાકની વાવણીના કૃષિ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, તુવેરનું વાવેતર ગયા વર્ષની સરખામણીએ ૪.૬ ટકા ઓછું છે, જ્યારે અડદનું વાવેતર ૨ ટકા ઓછા વિસ્તારમાં થયું છે. ભારે વરસાદ અને જળબંબાકારના કારણે તુવેરની વાવણી ઘટી છે, તો પાકને થયેલા નુકસાનથી ચિંતા વધી છે.જયારે મહારાષ્ટ્ર, કર્ણાટક અને ગુજરાતમાં અડદના પાકને નુકસાન થયું હોવાનું નિષ્ણાતોનું માનવું છે. જો કે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશમાં પાક સારી સ્થિતિમાં છે.

માત્ર તુવેર અને અડદ જ નહીં પરંતુ નબળા ચોમાસાના કારણે ડાંગરની વાવણીમાં ઘટાડો થયો છે. નાણાકીય નીતિની તાજેતરની જાહેરાત દરમિયાન, **RBI** ગવર્નર શક્તિકાંત દાસે ડાંગરની વાવણીમાં થયેલા ઘટાડાને મોનિટર કરવા પર ભાર મૂક્યો છે. આરબીઆઈ ગવર્નરે તેમના નિવેદનમાં કહ્યું કે ખરીફ પાકમાં ડાંગરની વાવણી ઘટી છે અને તેના પર ખૂબ જ ગંભીર નજર રાખવાની જરૂર છે. હકીકતમાં દેશના ઘણા વિસ્તારોમાં વરસાદના અભાવે ડાંગરની વાવણી પ્રભાવિત થઈ છે, જેના કારણે આ વર્ષે ચોખાના ઉત્પાદનમાં મોટો ઘટાડો થઈ શકે છે. પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ સહિત ઘણા રાજ્યોમાં વરસાદના અભાવે ડાંગરની વાવણીમાં ઘટાડો થયો છે.

### સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની ગર્જના

# આતંકવાદીઓ સાથે વ્યવહાર કરવામાં આતંકવાદ પર કોઈ બેવડા માપદંડ ન હોવા જોઈએ : રૂચિરા




આતંકવાદ સામે આકરી પ્રતિક્રિયા આપતા ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે આતંકવાદીઓ સાથે વ્યવહાર કરવામાં આતંકવાદ પર કોઈ બેવડા માપદંડ ન હોવા જોઈએ. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે જણાવ્યું હતું કે, આતંકવાદીઓને સૂચિબદ્ધ કરવાની વિનંતીને પેન્ડિંગ રાખવા અથવા અવરોધિત કરવાની વૃત્તિને સમાપ્ત કરવી જરૂરી છે અથવા સ્પષ્ટતા કર્યા વિના તેમને અવરોધિત કરે છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે કહ્યું કે આતંકવાદથી દુનિયાભરમાં શાંતિ અને સુરક્ષાને ખતરો છે. આવી સ્થિતિમાં, આતંકવાદ જેવા વૈશ્વિક પડકારનો સામનો કરવા માટે આપણી પ્રતિક્રિયા એકીકૃત અને અસરકારક હોવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠક ચીનની અધ્યક્ષતામાં મળી હતી. 'આતંકવાદી કૃત્યોને કારણે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાને જોખમ' વિષય પરની બેઠકમાં બોલતા ભારતની કાયમી પ્રતિનિધિ રુચિરા કંબોજે જણાવ્યું હતું કે વિશ્વના કેટલાક કુખ્યાત આતંકવાદીઓ સાથે સંબંધિત અસલી અને પુરાવા-આધારિત સૂચિઓ અને દરખાસ્તોને ઉપર ચડાવી દેવામાં આવી રહી છે તે ખૂબ જ ખેદજનક છે.

રુચિરા કંબોજે વધુમાં જણાવ્યું હતું કે બેવડા ધોરણો અને સતત રાજકીયકરણને કારણે યુએનએસસી પ્રતિબંધો શાસનની વિશ્વસનીયતા અત્યાર સુધીની સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. અમને આશા છે કે આંતરરાષ્ટ્રીય આતંકવાદ સામેની આ સામૂહિક લડાઈમાં યુએનએસસીના તમામ સભ્યો શક્ય તેટલી વહેલી તકે એક જ અવાજે અવાજ ઉઠાવશે. અબ્દુલ રહેમાન મક્કી અમેરિકા દ્વારા નિયુક્ત આતંકવાદી છે. તે લશ્કર-એ-તૈયબાના વડા અને ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદનો સંબંધી છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે જણાવ્યું હતું કે નવી દિલ્હી અને વોશિંગ્ટને અબ્દુલ રહેમાન મક્કીને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટે સંયુક્ત પ્રસ્તાવ રજૂ કર્યો હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ ચીને છેલ્લી ઘડીએ આ પ્રસ્તાવ પર રોક લગાવી દીધી હતી. આ પહેલા પણ ચીને ભારત અને તેના સહયોગી દળોના પાકિસ્તાન સ્થિત આતંકીઓની યાદી બનાવવાના પ્રસ્તાવ પર રોક લગાવી દીધી હતી.

# પંજાબમાં કેન્દ્ર સરકારના વીજળી સંશોધન બિલનો વિરોધ શરુ થયો

ચંડીગઢ,

અબોહર: કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલ વીજળી સુધારા બિલ-૨૦૨૦નો પંજાબમાં વિરોધ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રો અલ ઈન્ડિયા ઈલેક્ટ્રિક સિટી ફેડેશન ઘણા વિરોધ સંગઠન કરી રહ્યા છે. આ ક્રમમાં અબોહરમાં પણ પ્રદર્શન થઈ રહ્યુ છે. અહીં સબ ડિવિજન નન ૧, ૨, ૩ તેમજ ખુઈયાં સરવરના સમસ્ત ટેકનિકલ અને જુનિયર એન્જિનિયરોએ રોષ વ્યક્ત કરીને વીજળી સુધારા બિલ ૨૦૨૦ની નકલો સળગાવી દીધી છે. તેઓ કહે છે કે તેઓ આવુ બિલ ઈચ્છતા નથી. સરકારે તેને તાત્કાલિક પરત લઈ લેવુ જોઈએ. પાવર કોર્પોરેશનના જૂથ સંગઠનોના આગેવાનો અને કાર્યકરોએ પણ રાષ્ટ્રીય સંકલન સમિતિ અને ઈજનેરો દ્વારા નક્કી કરાયેલા બિલ સામે વાંધો ઉઠાવ્યો હતો.

અબોહરમાં કામદારોએ વિભાગીય કચેરી, ફાઝિલ્કાના ગેટ સામે કેન્દ્ર સરકાર વિરુદ્ધ પ્રદર્શન કર્યુ. તેમણે કહ્યુ કે નેશનલ કોઓર્ડિનેશન કમિટી અને એન્જિનિયરો દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ ભારતના તમામ વિજળી કર્મચારીઓ વીજળી સુધારા બિલ ૨૦૨૨નો જે સંસદમાં રજૂ થવા જઈ રહ્યુ છે તેનો વિરોધ કરી રહ્યા છે.

વિરોધીઓનુ કહેવુ છે કે કેન્દ્ર સરકાર દ્વારા વીજળી સંશોધન બિલ ૨૦૨૨ પસાર કરીને તેનો સીધો ફાયદો ખાનગી કોર્પોરેટ ગૃહોને થવા જઈ રહ્યો છે. વિરોધીઓએ એવી ચેતવણી પણ આપી હતી કે વીજળી સંશોધન બિલ ૨૦૨૦ વિધાનસભામાં પસાર કરવામાં ન આવે. જો બિલ પાસ થશે તો આગામી સમયમાં વધુ ઉગ્ર વિરોધ કરવામાં આવશે.

# મહિલાઓ રક્ષાબંધન તહેવાર નિમિતે AMTSમાં મફત મુસાફરી કરી શકશે

અમદાવાદ,

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધનના તહેવારની સમગ્ર રાજ્યમાં ધાર્મિક માહોલમાં ઉજવણી કરવામાં આવશે. એએમટીએસ વિભાગ દ્વારા રક્ષાબંધન નિમિત્તે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મહિલાઓને રક્ષાબંધન તહેવાર નિમિતે એએમટીએસમાં મુસાફરી ફ્રી રહેશે. જ્યારે ૧૦ વર્ષથી નાના બાળકોને પણ મુસાફરી ફ્રી રહેશે. તમને જણાવી દઈએ કે અગાઉ માત્ર રક્ષાબંધન તહેવાર નિમિત્તે માત્ર ૧૦ રૂપિયા ટીકીટ દર રખાયો હતો. પરંતુ હવે રક્ષાબંધનના તહેવાર નિમિત્તે બાળકો અને મહિલાઓ માટે મુસાફરી સંપૂર્ણ ફ્રી રાખવામાં આવી છે.

શહેરમાં એએમસી સંચાલીત એએમટીએસ દ્વારા બહેનોને રક્ષાબંધનની વિશેષ ભેટ આપી છે. અગાઉ આ દિવસે બહેન રૂ.૧૦ની ટીકીટમાં સમગ્ર શહેરમાં એએમટીએસ બસમાં મુસાફરી કરી શકતી હતી. પરંતુ હવે સમય બદલાતા હવે સમય બદલાયો છે. **AMC**એ રક્ષાબંધન પર્વ નિમિત્તે મહિલાઓને મહત્વની ભેટ આપી છે. અમદાવાદ મહાનગરપાલિકાએ રક્ષાબંધન નિમિત્તે બહેનોને મોટી ભેટ આપતા રક્ષાબંધન તહેવાર નિમિતે મુસાફરી ફ્રી રાખવાનો નિર્ણય લેવાયો છે. જેથી આ દિવસે **AMTS**માં મહિલાઓ ફ્રીમાં મુસાફરી કરી શકશે. ૧૦ વર્ષથી નાના બાળકોને પણ મુસાફરી ફ્રી રહેશે.

ઉલ્લેખનીય છે કે, સામાન્ય દિવસમાં બસમાં મનપસંદ ટિકિટનું ભાડું ૩૫ જેટલું લેવાય છે, જ્યારે મહિલાઓ પાસેથી ૨૦ અને બાળકો પાસેથી ૧૦ રૂપિયા ટિકિટનું દર લેવાય છે. પરંતુ આ વખતે રક્ષાબંધનના દિવસે ટિકિટ ફ્રી રાખવાનો નિર્ણય લેવાયો છે.

# મફત વિતરણના ચૂંટણી વચનો પહેલા આર્થિક અસરનો અભ્યાસ ફરજિયાત બનાવો : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,

ચૂંટણી સમયે રાજકીય નેતાઓ દ્વારા મફત વિતરણના અપાતા ચૂંટણી વચનો પર લગામ મૂકવાની અરજી કરનારા અરજદારે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી છે કે મફત વિતરણ પહેલા તેની આર્થિક અસરનો અભ્યાસ ફરજિયાત બનાવવો જોઈએ. મફત વિતરણના ચૂંટણી વચનો આપતા રાજકીય પક્ષો સામે પગલાં લેવાની માગણી સાથે વકીલ અશ્વિની ઉપાધ્યાયે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે.

અરજદાર વતી સિનિયર એડવોકેટ વિજય હંસારિયાએ જણાવ્યું હતું કે દેશની બે સર્વોચ્ચ આર્થિક સંસ્થાઓએ યોગ્ય નાણાકીય અને અંદાજપત્રિય જોગવાઈ વગર રાજ્યો દ્વારા મફતના વિતરણની લાંબા ગાળાની અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે.

એડવોકેટ અશ્વિની કુમાર દુબે મારફત કરાયેલી રજૂઆતમાં જણાવાયું હતું કે કલમ ૨૯૩ (૩) અને (૪)ની જોગવાઈનું પાલન કર્યા વગર કેન્દ્ર સરકારની લોન બાકી હોય ત્યારે પણ રાજ્ય સરકારો ઉછીના નાણા લે છે. આ જોગવાઈઓનું કડકાઈથી અમલ કરવાની જરૂર છે. રાજ્ય સરકારને લોન સુવિધા આપવા માટે ક્રેડિટ રેટિંગની સિસ્ટમ પણ અમલી બનાવવી જોઈએ.

અરજકર્તાએ પૂરતી અંદાજપત્રિય જોગવાઈઓ વગર નાણાકીય સંશાધનો (રેવડી કલ્ચર)ના ચૂંટણી વચનોની પરંપરાની ચકાસણી માટે નિષ્ણાતોની એક સમિતિ રચવાની માગણી કરી છે. આ અરજીમાં રાજ્યના દેવા અને ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ રેશિયામાં ઘટાડો કરવા સર્વગ્રાહી નીતિ ઘડવાની પણ માગણી કરાઈ છે.

અગાઉ ૩ ઓગસ્ટે સુપ્રીમ કોર્ટે ફ્રી કલ્ચરના ગંભીર મુદ્દા પર મનોમંથન કરવા કેન્દ્ર સરકાર, નીતિ આયોગ, નાણાપંચ અને આરબીઆઈ અને વિપક્ષ જેવા તમામ પક્ષકારોને તાકીદ કરીને આદેશ આપ્યો છે કે આ આ મુદ્દાના ઉકેલ માટે તેઓ સૂચનો કરે. સુપ્રીમે જણાવ્યું હતું કે કોઇ રાજકીય પક્ષ ફ્રી કલ્ચરનો વિરોધ કરતો નથી કે સંસદમાં ચર્ચા કરવા માગતો નથી. સુપ્રીમ કોર્ટે આ મુદ્દાના ઉકેલ માટે સરકારને સૂચનો કરવા માટે એક વ્યવસ્થાતંત્ર સ્થાપવાના આદેશનો પણ સંકેત આપ્યો હતો.

## શહેરા નગરપાલિકા
## જાહેર નિવિદા
## ટેન્ડર નોટીસ નં.૦૪, વર્ષ ૨૦૨૨-૨૩

(૧) ૧૫ મુ નાણાપંચ યોજના (ટાઈડ ગ્રાંટ) વર્ષ ૨૦૨૧-૨૨ ની ગ્રાન્ટમાંથી શહેરા નગરપાલિકાના પરા વિસ્તારમાં હેન્ડપંપ બેસાડવાના કામ માટે રૂા.૭૦,૭૮,૫૮૭.૦૦ (બીજો પ્રયત્ન) તથા (૨) ૧૫ મુ નાણાપંચ યોજના વર્ષ ૨૦૨૧-૨૨ અને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી. ૮૮ વર્ષ ૨૦૨૨-૨૩ ની ગ્રાન્ટમાંથી સી.સી. રસ્તા તથા બોકસ કન્વર્ટ તથા કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામો માટે રૂા.૧,૧૯,૪૪,૬૪૪.૦૦ (બીજો પ્રયત્ન) તથા (૩) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી. ૮૮ વર્ષ ૨૦૨૨-૨૩ની ગ્રાન્ટમાંથી ગટરલાઈન બનાવવાના કામે રૂા.૧૩,૮૧,૭૧૬.૦૦ છે.

ઉપરોકત કામોએ સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ રજીસ્ટર કો-ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર તા.૨૨/૦૮/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોક્યુમેન્ટ તા.૨૫/૦૮/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પર થી મળી શકશે.

માહિતી/ગોધરા/૪૧૨/૨૦૨૨

**શહેરા નગરપાલિકા**

# તિરંગાયાત્રાની ભીડમાં ધક્કો વાગતાં ગૃહમંત્રી હર્ષ સંઘવી વડોદરાના મેયર પર ગુસ્સે થયા



વડોદરા,

વડોદરા શહેરમાં સોમવારે યોજાયેલી તિરંગાયાત્રામાં રાજ્યના ગૃહમંત્રી મેયર પર ગુસ્સે થયા હોવાનો વીડિયો વાઈરલ થયો હતો. એમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વડોદરાના મેયર કેયૂર રોકડિયાને કહ્યું હતું કે દૂર ઊભા રહો ભાઈ. સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયો પર લોકોએ ઘણી પ્રતિક્રિયાઓ આપી હતી. વડોદરા શહેરમાં તિરંગાયાત્રામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ દરમિયાન ભીડમાં ટોળાને કારણે મેયરનો ધક્કો ગૃહમંત્રીને અને તેમનો ધક્કો મુખ્યમંત્રીને વાગ્યો હતો. જેથી ગૃહમંત્રી હર્ષ સંઘવીએ મેયર કેયૂર રોકડિયા પર ગુસ્સે ભરાઈ કહ્યું, દૂર ઊભા રહો ભાઈ. આ સાંભળી મેયર કેયૂર રોકડિયા સહિતના હોદ્દેદારો સ્તબ્ધ થયા હતા. જોકે મેયરે તાત્કાલિક બધાને દૂર ખસી જવા જણાવ્યું હતું, જેનો વીડિયો વાઈરલ થતાં લોકોએ કોમેન્ટનો મારો ચલાવી મીમ્સ પણ બનાવ્યા હતા.

વડોદરાના મેયર કેયૂર રોકડિયા સતત વિવાદોમાં રહ્યા છે. અગાઉ ૧૦ મહિના પહેલાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૨૨ના પ્રમોશનલ કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે વડોદરાના મેયર કેયૂર રોકડિયાને રખડતાં ઢોરોના મુદ્દે રોકડું પરખાવી દીધું હતું. સી.આર પાટીલે જણાવ્યું હતું કે કેયૂર હવે તમે મીટિંગો બંધ કરો. મને તો તમને જ્યારે મેયર બનાવ્યા ત્યારે લાગતું હતું કે કેયૂર યુવાન છે અને ઝડપથી કામ કરશે, પરંતુ આટલું ધીમું તો નહીં ચાલે. બીજીવાર વડોદરાથી કોઈનો ફોન આવે કે ગાયો દેખાતી નથી અને ભિક્ષુક દેખાતા નથી એવું વાતાવરણ બનાવજો, પરિણામ બતાવજો.

આ ઉપરાંત મેયર કેયૂર રોકડિયાએ ૧૫ દિવસમાં રસ્તા ઢોરમુક્ત કરવાની જાહેરાત કરી હતી. જોકે તેમની જાહેરાત માત્ર પોકળ સાબિત થઈ હતી. હજી પણ વડોદરા શહેરમાં રખડતાં ઢોરોનો ત્રાસ યથાવત્ છે અને છાસવારે લોકો રખડતાં ઢોરોના હુમલાનો ભોગ બને છે.

# સેન્ટ્રલ વિસ્ટામાં સંસદનું શિયાળુ સત્ર યોજાઈ શકે છે, પ્રોજેક્ટનું કામ અંતિમ તબક્કામાં

નવીદિલ્હી,

નવા સંસદ ભવનનું બાકી કામ પૂર્ણ કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેથી ત્યાં શિયાળુ સત્ર યોજવામાં આવે. અધિકારીઓ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે નવી ઈમારતમાં મિર્ઝાપુરના હાથથી વણાયેલા કાર્પેટ અને મધ્યપ્રદેશ અને રાજસ્થાનના પથ્થરોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

તેમણે કહ્યું કે સાગવૂડનું ફર્નિચર મહારાષ્ટ્રથી આવ્યું છે, જ્યારે આંતરિક અને ફ્લોર પર કામ શરૂ થઈ ગયું છે. ગયા અઠવાડિયે, સરકારે લોકસભામાં કહ્યું હતું કે નવા સંસદ ભવન પ્રોજેક્ટ પર ૭૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને કામ પૂર્ણ કરવાની લક્ષ્ય તારીખ નવેમ્બર ૨૦૨૨ છે.સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રોજેક્ટના રાષ્ટ્રીય મહત્વને ધ્યાનમાં રાખીને, સમયમર્યાદા વધારવાની કોઈ યોજના નથી. ઘટનાક્રમથી વાકેફ અધિકારીઓએ મીડિયાને જણાવ્યું કે, "અમે નવા સંસદ ભવનમાં શિયાળુ સત્ર સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છીએ."

# મહિસાગર જીલ્લામાં હડતાળ ઉપર ઉતરેલ કર્મચારીઓ લુણાવાડા લુણેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરી પ્રાર્થના કરી



મલેકપુર,
આજે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે આવેલ લુણેશ્વર મહાદેવ મંદિરે મહીસાગર જિલ્લા આરોગ્ય કર્મચારી મહાસંઘના હોદ્દેદારો તેમજ આરોગ્ય કર્મચારીઓ દ્વારા અચોક્કસ મુદતની હડતાલ નિમિત્તે સરકાર સમક્ષ પડતર માંગણીઓને લઈને પૂજા અર્ચના કરવામાં આવી. ભગવાન ભોલેનાથ આ કોરોના વોરિયર્સની માંગણીઓને સરકાર સ્વીકારી લે તેવી પ્રાર્થના કરવામાં આવી. આ આરોગ્ય કર્મચારીઓની મુખ્ય માગણી ગ્રેડ પે એટલે કે પગાર વિસંગતતા ગુજરાત રાજયના આરોગ્ય કર્મચારીઓ ૧૯૮૭ થી ગ્રેડપીની માંગણી કરી રહ્યા છે અને છેલ્લા ચાર વર્ષમાં ત્રણ ત્રણ હડતાલ કરવા છતાં સરકાર તરફથી લેખિતમાં બાહીધરી આપવા છતાં આજ દિન સુધી ગ્રેડ પે આપવામાં આવ્યો નથી બીજું કે આ આરોગ્ય કર્મચારીઓ કોરોના કાળ દરમિયાન જયારે લોકો બહાર જવાનું ટાળતા હતા. ત્યારે પોતાના પરિવારની પરવા કર્યા સિવાય લોકોને બચાવવા માટે આરોગ્યની સેવાઓ આપી છે અને તે સમય દરમિયાન કોઈપણ રજા લીધેલ નથી. જેથી આ સમય દરમિયાન કરેલ કામગીરીનો રજા પગાર માંગી રહ્યા છે અને આ કર્મચારીઓ દરેક ગામમાં ઘરે-ઘરે ફરીને આરોગ્ય સેવાઓ આપી રહ્યા છે. તો આ કર્મચારીઓને કોઈપણ જાતનું પેટ્રોલ એલાઉન્સ આપવામાં આવતું નથી. જેથી પી.ટી.એ.ની માંગણી કરી રહ્યા છે. હાલ મહીસાગર જિલ્લામાં પાયાના કર્મચારી જેવા કે મલ્ટી પર્પજ હેલ્થ વર્કર, મલ્ટી પર્પજ હેલ્થ સુપરવાઈઝર, ફીમેલ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર,ટી એચ.એસ.ટી.એચ.વી. અને જિલ્લાકક્ષાના સુપરવાઈઝર ચોક્કસ મુદતની હડતાલમાં જોડાયેલા છે. આ કર્મચારીઓના હડતાલમાં જવાના કારણે ગ્રામ્ય લેવલની આરોગ્ય સેવાઓ ખોરવાઈ થઈ ગઈ છે. હાલ ચાલતા ચોમાસાની ઋતુને કારણે ડેન્ગ્યુ, મલેરિયા, ચિકનગુનિયા જેવા રોગો વધવાની શક્યતા છે. તેમજ કોરોનાના કેસો સ્વાઈન ફ્લૂના કેસો વધી રહ્યા છે. તેમજ કોરોનાના વેક્સિનનો બુસ્ટરડો અને ટી.ડી. વેક્સિન તેમજ મમતા દિવસ આ દરેક પ્રોગ્રામને આ કર્મચારીઓ હડતાલ પર જવાના કારણે અસર થશે. જેથી ગ્રામ્ય લેવલે આરોગ્ય સેવાઓ મળી રહે તે ખૂબ જ જરૂરી છે, માટે સરકાર તરફથી આ કર્મચારીઓની માંગણીઓ વહેલી તકે સંતોષે જેથી લોકોને આરોગ્ય સેવાઓ મળી રહે મહીસાગર જિલ્લાના આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ જગદીશ પ્રજાપતિના જણાવ્યા અનુસાર આજે હડતાલના ત્રીજા દિવસે મહાદેવને પ્રાર્થના કરવામાં આવી છેકે, સરકાર અમારા આરોગ્ય કર્મચારીઓની માંગણીઓ જલ્દી સ્વીકારી લે એ જ પ્રાર્થના અને આશીર્વાદ સાથે સૌ આરોગ્ય કર્મચારી આજના આ શ્રાવણમાં પવિત્ર મહિનામાં દર્શન કરી પ્રાર્થના કરવામાં આવી છે.


# સંતરામપુર નગરમાં બે સોસાયટી વિસ્તારોમાં બંધ મકાનમાં ૪ જગ્યા પર તાળા તૂટ્યા : ચોરોની ફરી બેટિંગ શરૂ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરના અલગ અલગ વિસ્તારોમાં થોડા સમય બાદ બંધ મકાનમાં ચોરો ટાર્ગેટ બનાવ્યું. સ્થાનિક રહીશોમાં ફરીથી ઉજાગરા વધ્યા છેલ્લા એક વર્ષથી સંતરામપુર નગરમાં ચોરી બંધ થવાનું અટકાતું જ નથી. બે-ત્રણ મહિના છોડીને બંધ મકાનોમાં નકુચા અને તાળાઓ તોડીને સતત ચોરીનો પ્રયાસો વધી રહ્યા છે. આજરોજ એક જ રાતમાં ચાર અલગ અલગ જગ્યા ઉપર બંધ મકાનના તાળા તોડિયા હતા. અમરદીપ સોસાયટીમાં કાનજીભાઈ બારીયા પોતાનું મકાન બંધ રાખીને વતનમાં ગયા હતા. તે દરમિયાનમાં દરવાજોનો તાળું તોડીને ઘરમાં ઘૂસીને તિજોરીના દરવાજા તોડીને કપડા, માલ-સામાન વિખરી નાખેલું હતું. જ્યારે તેની બાજુમાં વિનોદભાઈ મકાનનું તાળો તોડ્યું પરંતુ અંદરનું બીજું તાળું મારવાથી ચોરીનો બનાવ અટક્યો, જ્યારે સત્ય પ્રકાશ સોસાયટીમાં બંધ મકાનમાં શાંતિલાલ સહાનીના મકાનમાં તાળા તોડ્યા હતા. આ રીતે બંધ મકાનોના તાળા તોડવાનો ચોરનો પ્રયાસ વધી રહેલો છે. સ્થાનિક લોકોમાં ગભરાટ વ્યાપક જોવા મળેલો છે. પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવેલી હતી. સ્થાનિક રહીશોની માંગણી હતી કે, અમારા વિસ્તારોમાં રાત્રિમાં સમય લાઈટ અને પેટ્રોલિંગ અને પોઈન્ટ મૂકવામાં આવે રહીશોની પોલીસ સ્ટેશનમાં પણ જાણ કરી હતી. છેલ્લા એક વર્ષથી સંતરામપુર નગરના અલગ અલગ વિસ્તારોમાં ચોરીના બનાવો વધી રહ્યા છે, પરંતુ આદિમ સુધી પોલીસે એક પણ ચોરને પકડ્યો જ નથી. નગરમાં ચર્ચાનો વિષય બન્યો.

# સંતરામપુર ગોકુલેશ મંદિર ખાતે મંત્રીએ હિંડોળાના દર્શન કર્યા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર મોટા બજાર વિસ્તારમાં વૈષ્ણવ સમાજના ગોકુલેશ મંદિરે ઊચ્ચ શિક્ષણ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર હિંડોળાના દર્શન કર્યા અને ધન્યતા અનુભવી તથા તેઓનું સમગ્ર વૈષ્ણવ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે સંગઠન પ્રમુખ સંદીપભાઈ ભોઇ, મહામંત્રી નીતિનભાઈ રાણા, તાલુકા મંડળના પ્રમુખ બળવંતભાઈ પટેલીયા, પાલિકાના ઉપપ્રમુખ હિતેશભાઈ ઉપાદયાચ, કલ્પેશભાઈ મહંત, પરાગભાઈ શેઠ, સચિનભાઈ શાહ સહીત સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા. સંતરામપુરના વૈષણવ સમાજના અગ્રણીઓ સતિષભાઈ પરીખ, હિમાંશુ પરીખ તમામ સમાજના લોકો તેમનું સન્માન પણ કર્યો હતો.

# સંતરામપુર તાલુકાના પ્રથમપુર ગામે વીજળી પડવાથી ખેડૂતનું મોત



સંતરામપુર,
મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના બે જ મહિનામાં વીજળી પડવાથી ત્રીજી ઘટના બની. સંતરામપુર તાલુકાના પ્રથમપુર ગામે ચાલુ વરસાદમાં ખેતરમાં પાડ ઉપરથી મનસુખભાઈ જમનાભાઈ પારગી પોતાના બકરા ચરાવવા માટે ખેતરમાં ગયેલા હતા. તે દરમિયાનમાં સતત વરસાદ ચાલુ હતો અને અચાનક વીજળીના કડાકા સાથે વીજળી પડવાથી ખેતરમાં જ મનસુખભાઈ ઉપર વીજળી પડતા જ ઘટના સ્તરે તેમનું મોત લીધેલું હતું. આ ઘટના બનતા જ આજુબાજુના ગ્રામજનો અને પરિવારો ઘટના સ્થળે દોડી આવેલા હતા. આ ઘટનાની સંતરામપુર સરકારી તંત્ર મામલતદાર તાલુકા વિકાસ અધિકારી તમામ તંત્રની જાણ કરવામાં આવેલી હતી. ઘટના સ્થળે મામલતદાર પહોંચી ગયા હતા. ત્યાર પછી આ ઘટનાને સ્થળે પંચ કેસ કરવામાં આવેલો હતો. ત્યારબાદ તમામ પ્રકારની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ ઘટના બનતા જ પરિવારજનોમાં અને ગ્રામજનોમાં ભારે શોક જોવા મળ્યો હતો. ખેતરમાં બકરા ચલાવતા હતા. કરૂણ ઘટના બની.

# આપણું માન-સન્માન, આપણું સ્વાભિમાન એવા તિરંગા રાષ્ટ્રધ્વજને ફરકાવવા અપીલ કરતા મહીસાગર જિલ્લાના ખ્યાતિપ્રાપ્ત ચિત્રકાર



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના છાંયણ ગામના ખ્યાતિપ્રાપ્ત ચિત્રકાર બિપિન પટેલ ૨૨૭૫ દિવસોથી રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવી કલા સાધના કરી રહયા છે. તેમના આ જોમ જુસ્સો, ધગશ અને સિદ્ધિઓના કારણે તેમને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે.

આજે આપણો દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરી આઝાદી કા અમૃત મહોત્સવ પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર ભારતવર્ષમાં ઉજવી રહ્યો છે. ત્યારે જોગાનુજોગ ૨૨૭૫ મું હર ઘર ત્રીરંગા અભીયાન અંતર્ગત દયાનાકર્ષક વોટર કલર પેઈન્ટ તૈયાર કર્યું છે. આ ચિત્ર વિષેના વિચારને વર્ણવતા બીપીન પટેલ કહે છે કે, સમગ્ર ભારત માં તા. ૧૩ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ સુધી એટલે કે ત્રણ દિવસ હર ઘર તિરંગા કાર્યક્રમના માધ્યમ થકી એક દેશભાવનાને ઉજાગર કરવા માટે હર એક ક્ષેત્રના, હર એક સમાજના લોકો માં ભારતીનો જય જય કાર થાય અને રાષ્ટ્રભાવના ઉજાગર થાય તેવું ચિત્ર બનાવી તમણે સૌ નાગરીકોને પોતાના ઘર ઉપર, ધંધા- રોજગારના સ્થળ ઉપર તથા આપણી ઓફીસ ઉપર આપણું માન-સન્માન, આપણું સ્વાભિમાન અને આપણું અભિમાન એવા આપણા તિરંગા રાષ્ટ્ર દવજને ફરકાવવા અપીલ કરી હતી.

# મહિસાગર જીલ્લાની આંગણવાડીના બાળકો તિરંગા ચિત્ર સ્પર્ધાનું આયોજન



લુણવાડા,
મહીસાગર જિલ્લામાં આંગણવાડીના ૩ થી ૬ વર્ષના બાળકો દ્વારા હર ઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ.

આજે આપણો દેશ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરી આઝાદી કા અમૃત મહોત્સવ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સમગ્ર ભારતવર્ષમાં ઉજવી રહ્યો છે. ત્યારે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત મહીસાગર જિલ્લાના આઇસીડીએસ વિભાગના ૧૧ ઘટકની કુલ ૧૩૧૬ આંગણવાડી કેન્દ્રોમાં ૩ થી ૬ વર્ષના બાળકો માટે તિરંગા થીમ પર પ્રોગ્રામ ઓફીસર મહીસાગર શિલ્પાબેન ડામોરના માર્ગદર્શન હેઠળ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મહીસાગર જિલ્લાની તમામ આંગણવાડીઓના કુલ ૨૩૫૬૨ ભૂલકાંઓ દ્વારા ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ તેમની આગવી શૈલીમાં તિરંગાનું ચિત્ર તૈયાર કરવામાં આવેલ હતું. તેમજ ત્રિરંગા હાથમાં લઈ તિરંગા રેલી યોજાય હતી.

# ગોધરા-વડોદરા રોડ ઉપર વણાંકપુર પાસે ST બસ ડિવાઈડર ઉપર ચડી



ગોધરા,
ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર એસ.ટી. બસના ડ્રાયવર ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા એસ.ટી.બસ ડિવાઈડર ઉપર ચડી. ગોધરા-વડોદરા હાઇવે ઉપર આવેલ વણાંકપુર ગોધરાની વચ્ચે એસ ટી બસ નં. GJ.18.Z.0907 ગોધરા ઘોઘંબા રૂટના એસ.ટી. બસના ડ્રાયવરએ સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા એસ.ટી. બસ ડિવાઈડર ઉપર ચડી જતા સદનસીબે મોટી જાનહાનિ ટળી જેથી તમામ લોકોએ રાહતનો શ્વાસ લીધો.

# હાલોલના મુલધરી ગામે જુગાર રમતા ૬ જુગારીયાને ઝડપ્યા

હાલોલ,
હાલોલ તાલુકાના મુલધરી ગામે કેટલાક ઈસ્મો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૬ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના મુલધરી ગામે કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પાવાગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન નવનીત ઉર્ફે નભો અર્જુનભાઈ રાઠોડ, કમલેશ ઉર્ફે કમો, વિરેન્દ્ર ઉર્ફે વીર, દિનેશ ઉર્ફે દિનીયો, દર્શન ઉર્ફે મહોરો, પ્રવિણભાઈ ઉર્ફે નાનીને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલા ઈસમો પાસેથી ૧૩૫૦/-રૂપીયાનો મુદ્દમાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો.



શહેરાના ધાણિત્રા ખાતે વી નેચર હેલ્થ ફાઉન્ડેશન ટીમ દ્વારા ૬ ફુટનો અજગર પકડી સુરક્ષિત જંગલમાં છોડવામાં આવ્યો.

# સ્નેહના મજબુત તાંતણે બંધાયેલ પર્વ રક્ષાબંધન

## બહેનાને ભાઈ કી કલાઈ પે પ્યાર બાંધા હૈ, પ્યાર કે દો તાર સે સંસાર બાંધા હૈ.



આજે ભાઈ અને બહેનના પવિત્ર અને ભક્તિ સભર સંબંધો પર આધારિત રક્ષાબંધન એટલે કે બળેવનો તહેવાર છે.આ તહેવાર શ્રાવણ સુદ પુનમના દિવસે આવતો હોવાથી તેને શ્રાવણી પૂર્ણિમા તરીકે પણ ઓળખાય છે જયારે દરિયાકાંઠે વસતા લોકો અને સાગર ખેડૂ લોકો માટે આ નાળિયેર પૂર્ણિમાનો પણ ઉત્સવ છે.

રક્ષાબંધન એ અનન્ય પ્રેમબંધન છે આજના દિવસે બહેન ભાઈના હાથે રાખડી બાંધે છે અને સાથે સાથે હ્દયને પ્રેમથી બાંધે છે ભાઈ બહેનનું મિલન એટલે પરાક્રમ અને પ્રેમ તથા સાહસ અને સંયમનો સહયોગ જગતના તમામ સંબંધોની વચ્ચે નિ:સ્વાર્થ અને પવિત્ર એવી ભાઈ બહેનની સાચી પ્રેમ સગાઈએ જાણે ખારા સમુદ્રની વચ્ચે સાંપડતી કોઈક મીઠી વીરડી જેવી આશ્ચર્યજનક ઘટના છે.

બહેનની આંખો પોતાના ભાઈલા પર સદૈવ અમીવર્ષા વરસાવતી રહે છે એની વાણી દિલમાં રહેલા કામનાના અંધકારને ઉલેચી ભાઈને કર્તવ્યની કેડી પર આગળ વધારાવાની પ્રેરણા પુરી પાડે છે રક્ષાબંધનના દિવસે પ્રત્યેક બહેન હર્ષઘેલી બને છે ભાઈના હાથે રાખડી બાંધવી એ બહેનને પોતાના જીવનનો અમૂલ્ય લહાવો લાગે છે.રક્ષાના પ્રત્યેક તાંતણામાં બહેનના હ્દયનો નિવ્યાર્જ પ્રેમ ભરેલો હોય છે રક્ષાએ ફકત સુતરનો દોરો નથી એ તો શીલ અને સ્નહેનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું પવિત્ર બંધન છે.

આપણા વેદગ્રંથોમાં પણ દેવ અને દાનવો વચ્ચે યુધ્ધમાં વિજય મળે તે માટે ઈન્દ્રાણીએ હિંમત હારી ચુકેલા ઈદ્રના હાથે રક્ષા બાંધી હોવાનો ઉલ્લેખ છે મહાભારત યુધ્ધ સમયે કોઠાયુધ્ધમાં જવા તત્પર થયેલા અભિમન્યુની રક્ષા ઈચ્છતા માતા કુંતાએ તેને રાખડી બાંધી હતી.જયારે રક્ષા કાજે રાણી કર્મવતીએ મોગલ બાદશાહ સમ્રાટ હુમાયુને રાખડી મોકલી હોવાના પણ દૃષ્ટાંત છે.

રક્ષાબંધનના પવિત્ર સંબંધો પર અનેક ફિલ્મ ગીતો પણ ફિલ્માંકન થયેલા છે જેમાં મોહમ્મદ રફીના કંઠે ગવાયેલ કર્ણ પ્રિય ગીત રાખી ધાગો કા ત્યૌહાર,બંધે હુએ એક એક ધાગે મેં ભાઈ બહેન કા પ્યાર મુખ્ય છે.

આવું જ અન્ય ગીત ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના ભૈયા મેરે છોટી બહેન કો ના ભુલાના, મેરે ભૈયા મેરે ચંદા મેરે અનમોલ રતન, તેરે બદલે મેંજમાને કી કોઈ ચીજ ન લું કિશોરકુમારે ગાયેલુ લોકપ્રિય ગીત રખિયા કે રોજ રાની બહેના કો બુલાઉગા લે કે આયેગે દુલ્હે રાજા ભૈયા રાજ બજાયેગા બાજા મેરી પ્યારી બહનીયા બનેગી દુલ્હનીયા આજે પણ લોકો ગણગણે છે.

ગુજરાતી ગીત કોણ હલાવે લિમડીને કોણ ઝુલાવે પીપળી ભાઈની બેની લાડકીને ભઈલો ઝુલાવે ડાળખી પણ એક કરૂણાસર ગીત છે.

બળેવના દિવસે બ્રાહ્મણો પણ પોતાની જનોઈ એટલે કે યજ્ઞોપવિત બદલે છે પોતાના જીર્ણ સુત્રનો ત્યાગ કરીને નુતન યજ્ઞોપવિત ધારણ કરે છે.યજ્ઞો પવિતમં પરમમ્ પવિત્રમ્ પ્રજાપતેર્ય ત્સહજં પુરસ્તાત, આયુષ્યમગ્રં પ્રતિમુંચ શુભ્રં યજ્ઞોપવિતમ બલમસ્તુ તેજ: ઉપરોકત મંત્રોચ્ચાર સાથે નુતન યજ્ઞોપવિત ધારણ કરીને બ્રાહ્મણો પોતાના જીર્ણ સુત્રનો ત્યાગ કરીને ગાયત્રી મંત્ર જાપ યથાશક્તિ કરતા હોય છે બળેવના દિવસે અનેક મંદિરોમાં અને શિવાલયોમાં જનોઈ બદલવાના સામૂહિક કાર્યક્રમો પણ યોજાય છે.

આજ પ્રમાણે દરિયાકાંઠે વસતા લોકો,માછીમારો તેમજ સાગર ખેડૂ પ્રજા પોતાના રક્ષણ માટે દરિયાદેવની પુજા કરે છે અને દરિયામાં શ્રીફળ એટલે કે નાળિયેર પધરાવે છે એટલે જ શ્રાવણીપૂર્ણિમાને નાળિયેરી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે.(હિં.મી.એ.)

# શહેરા અલ અમીન પ્રા.શાળા દ્વારા તિરંગા યાત્રા યોજાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા શેખ ઘાંચી પંચ સંચાલિત અલ અમીન પ્રાથમિક શાળા તેમજ સર્વોદય હાઈસ્કુલ ખાતેથી આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ હતી. તિરંગા યાત્રાનું પ્રસ્થાન શેખ ઘાંચી પંચ કમિટીના પ્રમુખ ઈકબાલભાઈ પોચા દ્વારા કરાવવામાં આવ્યું હતું. નગર વિસ્તારમાં તિરંગા યાત્રા નીકળતા દેશભક્તિનો માહોલ જોવા મળી રહ્યો હતો. આઝાદીના ૭૫ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે કેન્દ્ર સરકાર દ્વારા ''હર ઘર તિરંગા'' અભિયાનનું આયોજન કરાયું છે. ત્યારે ''હર ઘર તિરંગા'' અભિયાન અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે રેલીઓ યોજવામાં આવી રહી છે. તે જ પ્રકારે પંચમહાલ જિલ્લાના શહેરા નગરપાલિકા વિસ્તારમાં શેખ ઘાંચી પંચ સંચાલિત અલ અમીન પ્રાથમિક શાળા તેમજ સર્વોદય હાઈસ્કુલ ખાતેથી આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રાનું શેખ ઘાંચી પંચ કમિટીના પ્રમુખ ઈકબાલભાઈ પોચા દ્વારા અલ અમીન પ્રાથમિક શાળા ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને શાળાના વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો લઈ દેશભક્તિના નારા લગાવ્યા હતા. આ તિરંગા યાત્રામાં મુસ્લિમ સમાજના આગેવાનો જુનેદભાઈ લડબડ, મહમંદભાઈ સહિત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાયા હતા. યોજાયેલી તિરંગા યાત્રા શહેરા નગરના વિવિધ વિસ્તારોમાં ફરી અલ અમીન પ્રાથમિક શાળાએ ખાતે પૂરી થઈ હતી.

# આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : જ્ઞાન વૃધ્ધિનો યોગ બનશે વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા મળશે. ઘણા દિવસથી અટકેલા પૈસા આજે મળી શકશે.

વૃષભ (બ,વ,ઉ) : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી સ્થાયી સંપત્તિની આકાંક્ષા પૂર્ણ થવાના યોગ છે વ્યવસાયના ક્ષેત્રમાં લાભ થશે.

મીથુન (ક,છ,ઘ) : અટકેલા નાણાં પ્રાપ્ત થશે ભૂમિ મકાન વગેરે ખરીદનો યોગ બનશે શિક્ષાર્થીઓએ નવીન ભાવુકતા ત્યાગવી નહીં તો હાનિ થઈ શકે છે.

કર્ક (ડ,હ) : જમીન સંબંધી કાર્ય બનવાના યોગ છે નવી યોજનાઓ પ્રારંભ થશે પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

સિંહ (મ,ટ) : ભુલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુધ્ધિમત્તાથી કરવો વ્યવસાયિક લાભ મળશે. કોઈથી ભેટ મળે તેવી શકયતા છે.

કન્યા (પ,ઠ,ણ) : સફળ યાત્રાનો યોગ છે વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે દેવાની ચિંતા ઓછી થશે.પરસ્પર સંબંધોને મહત્વ આપો.

તુલા (ર,ત) : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ કુટુંબમાં માંગલિક કાર્ય થસે રોગ શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચનો યોગ

વૃશ્ચિક (ન,ય) : માનસિક ત્રાસદીથી બચવું આવકના સ્ત્રોતોથી વિશેષ લાભનો યોગ ધાર્મિક યાત્રાનો યોગ જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળશે.

ધન (ભ,ધ,ફ) : ગૃહ આર્થિક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ ગૃહ શોધનો યોગ અવિવાહિતો માટે વિવાહ સંબંધી યોગ કુટુંબમાં શુભ કાર્ય થશે.

મકર (ખ,જ) : રોગ ઋણ શત્રુ વાહન ભવન પ્રતિષ્ઠા સંબંધી વિવાદોથી બચવું ગૃહ આર્થિક બાબતોમાં વિશેષ આર્થિક લાભ પ્રાપ્તિનો યોગ.

કુંભ (ગ,શ,સ) : શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્ય થશે ઉપલબ્ધિઓ પ્રાપ્તનો યોગ પદ પ્રતિષ્ઠા પ્રાપ્તિનો યોગ સામાજિક કાર્યોમાં સફળતાનો યોગ.

મીન (દ,ચ,ઝ,થ) : નીતિગત કોર્ટ કચેરીની સમસ્યાઓમાં સમય વીતશે શિક્ષણ, જ્ઞાન ધર્મ સંબંધી કાર્યોમાં વિશેષ ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

3 | તા.૧૧/૦૮/૨૦૨૨ ગુરુવાર | દાહોદ આવૃત્તિ | દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર | પંચમહાલ સમાચાર

## ફતેપુરા તાલુકા પંચાયત ચેક કૌભાંડ

# પોલીસે એક ની ધરપકડ કરી : રીમાન્ડ માટે કોર્ટમાં હાજર કરી વધુ આરોપીઓને પકડવાની તજવીજ હાથ ધરી

### ઘી આફવા વિભાગ મ. કા. સહકારી મંડળીના સંચાલક રાજેશ ઉર્ફે માગીલાલ ભેમાભાઈ લબાનાની ધરપકડ

ફતેપુરા,

ફતેપુરા તાલુકા પંચાયત કચેરી માંથી ચેક ચોરી કર્યા બાદ ચેકમાં ખોટા સહી સિક્કા કરીને ઝાલોદ એસબીઆઇ બેન્કમાં વટાવી લઈ સરકારી પૈસા બારોબાર ઉપાડી લીધા હતા. તેની જાણ તાલુકા પંચાયત કચેરીના હિસાબે શાખાના ડેપ્યુટી એકાઉન્ટરને થતા એકાઉન્ટરે તાલુકા વિકાસ અધિકારીને જાણ કરી હતી. તાલુકા વિકાસ અધિકારીએ તાત્કાલિક પોલીસ ફરિયાદ કરતા ઘી આફવા વિભાગ મ.કા.સહકારી મંડળીના સંચાલક રાજેશભાઈ ઉર્ફે માગીલાલ, ભેમાભાઈ લબાનાને ફતેપુરા પોલીસે ઝડપી પાડી કોર્ટમાં રજુ કરવાની તજવીજ હાથ ધરી છે.


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ઘી આફવા વિભાગ મ.કા.સહકારી મંડળીના સંચાલક રાજેશભાઈ ઉર્ફે માંગીલાલ ભેમાભાઈ લબાનાને પી.એસ.આઈ. સી.બી.બરંડા તેમજ પોલીસ સ્ટાફના માણસો સાથે રાખી પકડી પાડી તેની પ્રાથમિક પૂછપરછ કરતા તેને તાલુકા પંચાયત કચેરીમાં કોઈને કોઈ કામ માટે વારંવાર જવાનું થતું હતું. ત્યારે તેના સંપર્કમાં પુષ્પેન્દ્ર કુમાર અરવિંદભાઈ લબાના તેમજ પ્રતીકકુમાર પ્રવીણલાલ કલાલને વારંવાર મળવાનું થતું હતું. તે આરસમ રાજેશભાઈ ઉર્ફે માંગીલાલ ભેમાભાઈ લબાનાને તાલુકા પંચાયત કચેરીના ખાતામાં પડેલા પૈસાની બારોબાર ઉઠાં તરી કરવા માટે આઈડિયા આવતા તેઓ તાલુકા પંચાયત કચેરીમાં પ્રતીકકુમાર પ્રવીણભાઈ કલાલ કે જેઓ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કરાર આધારિત નોકરી કરે છે. જ્યારે પુષ્પેન્દ્રકુમાર અરવિંદભાઈ લબાના તેઓ પણ કરાર આધારિત નોકરી કરતા હોય તેમની સાથે મળીને તાલુકા પંચાયત કચેરીના ખોટા સહી–સિક્કા કરીને ચેક મને પ્રતિકકુમાર પ્રવિણભાઈ કલાલ અને પુષ્પેન્દ્ર કુમાર અરવિંદભાઈ લબાનાએ આપેલો તે મેળવી ઝાલોદ એસબીઆઇ બેન્કમાં નાખી પૈસા બારોબાર મેં અમારી મંડળી આફવા વિભાગમાં સહકારી મંડળીમાં જમા કરાવી અમોએ ભાગ પાડીને પૈસા વહેંચી લીધા મારા ભાગે પંદર લાખ રૂપિયા આવ્યા છે તેવું જણાવ્યું હતું. રાજેશ કુમાર ઉર્ફે માંગીલાલ ભેમાભાઈ લબાના સંતોષકારક જવાબ ન આપતા તેમજ આ કામમાં બીજા કેટલા લોકોની સંઢવણી છે અને કોણ કોણ આમાં ભાગીદારી છે. તેની જાણકારી મેળવવા માટે ફતેપુરા પીએસઆઇ સી.બી.બરંડાએ રિમાન્ડ માગવા માટે કોર્ટમાં રજૂ કરાશે. કોર્ટના રિમાન્ડ મળ્યાં બાદ જ આ કેસમાં કોણ કોણ સંડાવાયેલું છે, તેમજ આ ચેક કોને કેવી રીતે ક્યાંથી કાઢ્યો ચેક ઉપર સહી સિક્કા કોને કર્યા તદ્દઉપરાંત બાકીના આરોપીને પકડી આગળની કાર્યવાહી કરવા માટે તજવીજ હાથ ધરી છે. ત્યારે આ કેસમાં નવો વળાંક આવે તો નવાઈ નહીં.

## દાહોદ જીલ્લામાં લમ્પી વાયરસનો એક પણ કેસ સામે આવ્યો નથી પરંતુ દે.બારીયા શહેરમાં સામૂહિક રીતે ભુંડના મરણ થયાથી આમ જનતામાં ફફડાટ

દે.બારીયા,

દાહોદ જીલ્લામાં આજ સુધી લમ્પી વાયરસનો એકપણ કેસ નોંધાયો નથી. તેવું નાયબ પશુ પાલન નિયામક ર્ડા. કે.એલ.ગોસાઈનું કહેવું છે. પરંતુ છેલ્લા ૩–૪ દિવસ પહેલા શનિ અને રવિવારની રજાના દિવસે દે.બારીયા શહેરમાં એક પછી એક એક–બે–ત્રણ ભુંડોના મરણ થતાં સ્થાનિકોમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. નગર પાલિકાના વેટરનીટી વિભાગને આની જાણ કરાઈ. તો પણ આજે રજાનો દિવસ એટલે કર્મીઓ નહી આવી શકે તેવું જણાવ્યું હતું શું ? મરણ થયેલા ભુંડોને આખી રાત પડી રહેવા દીધા હતા. તેનો યુધ્ધના ધોરણે નિકાલ કરવો જોઈતો હતો પરંતુ સોમવારે નવ કલાકે આ મરણ થયેલા ભુંડોનો નિકાલ કરવામાં આવ્યો હતો. ગલાલીયા કુવા પાસે અને પારેખ શેરીના પાછળના વિસ્તારમાં મરણ થયેલા ભુંડો આખી રાત ત્યાંજ પડી રહ્યા હતા. તેવી લોકચર્ચા હતી શું ? રજાના દિવસે હાલમાં આ ગંભીર વાયરસ થયો હોય તો પણ આવી બેદરકારી પાલિકામાં રાખવી તે કેટલી ગંભીર બાબત છે. પહેલા તો વેટરનીટી ઈન્સ્પેક્ટર સ્થાનિક રહેતા નથી. તે બહાર ગામ જતા રહે છે. ત્યાંથી પોતાની ફરજ બજાવવા આવે છે. આ ગંભીર મહામારીના સમયે તો હેડ કવાટર છોડવાની મનાઈ હોય છે. તો આ ગંભીર બેદરકારીના કારણે શહેરમાં રોગચાળો વધારે ફેલાશે તે કોની જવાબદારી ગણાશે ? તે યક્ષ પ્રશ્ન છે. જે ભુંડોના એક પછી એક બે–ત્રણ સમય સમયના અંતરે મરણ થતા શું ? આ ભુંડોના મરણ લમ્પી વાયરસ થી તો થયા નહી હોય તેવું તરેહ તરેહની વાતો વાયુ વેગે શહેરમાં ચર્ચાઈ રહી છે. તો આ બાબતે તમામ સાવચેતીના પગલા ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. જેથી સામૂહીક જાહેર ઉકરડા ઉપર દૈનિક સાફ સફાઈ કરવામાં આવે ત્યારબાદ જંતુ નાશક દવાઓનું છંટકાવ યોગ્ય રીતે દરેકે દરેક વિસ્તારોમાં કરવામાં આવે. જંતુ નાશક દવાનું એક્સપાઈર્ડ તો થયેલી નથી. તેની ખાસ ચકાસણીને છંટકાઉ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## દાહોદ જીલ્લાના મુસ્લીમ બિરાદરો દ્વારા મોહરમ નિમિતે તાજીયાનું જુલુસ નિકળ્યું

દાહોદ,

કરબલાના શહીદોની યાદમાં મનાવતા મોહરમ નિમિત્તે દાહોદ શહેર સહિત જિલ્લામાં બુલંદનારા તેમજ અંગ કસરતના હેરત ભર્યા દાવ સાથે તાજીયાનું જુલુસ નીકળ્યું હતું અને નિર્ધારિત રૂટ ઉપર ફર્યું હતું અને છાપ તળાવ ખાતે વિસર્જન ન કરવા દેતા દાહોદ નજીક આજુબાજુ તળાવમાં તાજીયા ઠંડા કરવામાં આવ્યા હતા.

હઝરત મહંમદ બેગમબર સાહેબના દોહિત્ર ઇમામ હુસેન સહિત ૭૨ સાથીઓએ કરબલા ખાતે સત્ય અને ધર્મ માટે કુરબાની આપી શાહદત વોહરી હતી. જે યાદને આસ્થા પર હિંમત રાખવાના ભાગરૂપે મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમની ઉજવણી કરવામાં આવે છે. દાહોદ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ખાતે વિવિધ વિસ્તારોમાં ૨૫ થી સ્થળોએ કલાત્મક તાજીયા ની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. મોહરમ પર્વને અનુલક્ષીને વાયર પઠન કાર્યક્રમ પણ યોજાયા હતા. દિવસ દરમિયાન તાજીયા સ્થળો યુવાનો દ્વારા વિવિધ કરતા બહુ કરવામાં આવ્યા હતા. જે નિહાળી સૌ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. ઠેર ઠેર પીવાના પાણીનું અને શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુસ્લિમ પરિવાર આવે તાજીયા સમખાભ્ય પ્રાર્થના કરી હતી. મહોરમ પર્વ નિમિત્તે મુસ્લિમ નિરાધાર ખાસ નમાજ પણ અદા કરી હતી. ઢોલ નગારા તેમજ યા હુસેનના નારા સાથે દાહોદના મુખ્ય માર્ગ પર નીકળેલ તાજીયા ઝુલુસને નિહાળવા લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ચાલુ વર્ષે દાહોદના છાપ તળાવ નો સ્માર્ટ સિટીમાં અંતર્ગત કાયાપલટ કરવામાં આવી રહી હોય છાપ તળાવમાં તાજીયા ઠંડા કરવાની મંજૂરી આપવામાં ન આવી હોય દાહોદ નજીકના તળાવમાં તાજીયા ઠંડા કરવામાં આવ્યા હતા. દાહોદના તાજીયા છાપ તળાવ એકઠા થયા હતા અને ધાર્મિક વિધિ મુજબ પાણીનો છંટકાવ કર્યો અને ત્યારબાદ અન્ય તળાવમાં ઠંડા કરવામાં આવ્યા હતા. જ્યારે કેટલાક લોકોએ તાજીયા ની દફનવિધિ કરી હતી.

## હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત દાહોદમાં વહીવટી તંત્રનું સઘન અભિયાન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં હર ઘર અભિયાનને જિલ્લામાં સફળ બનાવવા અને લોકો આ અભિયાનમાં જોડાય એ માટે જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજાઇ હતી. જેમાં જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

જિલ્લામાં તા.૧૩ થી તા. ૧૫ ઓગસ્ટના હરઘર ત્રિરંગા યાત્રા અંતર્ગત ૧૨ મી ઓગસ્ટે બાઈક રેલી યોજાશે. આ બાઈક રેલી બપોરના ૩ વાગે થી ૫ વાંગ્યા સુધી યોજાશે. આ રેલી કેન્દ્રીય વિદ્યાલયથી નીકળી દાહોદ શહેરમાં ફરી કલેક્ટર કચેરી ખાતે સમાપન કરવામાં આવશે. આ રેલીમાં ઓછામાં ઓછા ૩૦૦૦ હજાર લોકો જોડાશે. આ રેલીમાં દાહોદ શહેરના નાગરિકો મોટી સંખ્યામાં જોડાયએ માટેનું આયોજન કરાયું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, નિવાસી અધિક કલેક્ટર એ. બી. પાંડોર, ડીઆરડીએ નિયામક સહીતના અધિકારીઓ તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ બજારમાં રક્ષાબંધન પર્વને લઈ ભારે ભીડ



દાહોદ,

ભાઈ–બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધન તહેવારમાં આજરોજ દાહોદ શહેર સહિત જિલ્લાના બજારોમાં ભારે ભીડ જોવા મળી હતી. રાખડી બજારમાં બહેનો દ્વારા રાખડીની ખરીદી કરતાં પણ જોવા મળ્યાં હતાં. ઠેર ઠેર દાહોદમાં રાખડીઓનું વેચાણ કરતાં વેપારીઓ જોવા મળ્યાં હતાં.

રક્ષાબંધનના તહેવારને લઈ દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બહેન પોતાના ભાઈને આજે શુભ મુહુર્તમાં રાખડી બાંધશે, ત્યારે રક્ષાબંધનના એક દિવસ પહેલા દાહોદ શહેર સહિત જિલ્લાના બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જોવા મળી હતી. તેમાંય ખાસ કરીને રાખડી બજારોમાં બહેનોની ભારે ભીડ જોવા મળી હતી. સાથે સાથે મીઠાઈ, ફરસાણની દુકાનોમાં પણ ઘસારો જોવા મળ્યો હતો. રાખડી ખરીદવા બહેનો મોટી સંખ્યામાં બજારોમાં ઉમટી પડી હતી. દાહોદમાં ખરીદીની ભીડને પગલે આજે ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યાં હતાં. આજે રક્ષાબંધનની શહેર સહિત જિલ્લાવાસીઓ ધામધુમ પુર્વક ઉજવણી કરશે.

## દાહોદ પાલિકા દ્વારા શ્રાવણ માસ દરમિયાન શિવાલયોમાં દર્શન માટે સીટી બસ સેવા શરૂ કરાઈ

દાહોદ,

દાહોદ નગર સેવા સદન દ્વારા પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શિવાલયોમાં દર્શનાર્થે સિટી બસ સેવાનો કરાયો શુભારંભ દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકર આમલિયાર અને રીનાબેન પંચાલ દ્વારા ફળ વધેરી બસને પ્રસ્થાન કરાવી.

દાહોદને સ્માર્ટ સિટીમાં આવરી લેવાયા બાદ દાહોદમાં વિકાસના ઘણા કામો શરૂ થયા છે અને અમુક પૂર્ણતાના આરે છે અને અમુક પૂર્ણ થયા છે. તે પૈકી દાહોદને ચાર સિટી બસ સ્માર્ટ સિટી અંતર્ગત મળી છે અને તેને શરૂ કરવા માટે દાહોદ નગર સેવા સદનના પ્રમુખ દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં તેની શરૂઆત કરવાનું નક્કી કર્યું હતું. જેના ભાગરૂપે આજે દાહોદ નગર સેવાસદનના પ્રમુખ દ્વારા ખૂબ સરસ આયોજનના ભાગરૂપે દાહોદના આજુબાજુના શિવાલયના દર્શન કરવા માટે હાલ પવિત્ર શ્રાવણ માસ પૂરતી આ સીટી બસ સેવા દાહોદની ધર્મપ્રેમી જનતા માટે આ સેવા શરૂ કરવામાં આવી છે. અને આજે દાહોદ મોઢીયા સમાજની બહેનોના મંડળ દ્વારા આજે પેહલા પ્રવાસ દાહોદ કેદારનાથ ધામની યાત્રા કરી શરૂઆત કરી હતી. આ સેવા માટે દાહોદના લોકોને પણ પુરે પૂરો લાભ લેવા માટે મીડિયાના માધ્યમ થી વિનંતી કરી છે અને જે લોકો આ સેવાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમને દાહોદ નાગર સેવા સદનના પ્રમુખ રીનાબેન પંચાલ અને શ્રદ્ધાબેન ભડંગનો સંપર્ક કરવો તેવું દાહોદ નગર સેવાસદનના પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ સિટી બસના શુભારંભ પ્રસંગે દાહોદ ભાજપ જિલ્લા પ્રમુખ શંકર આમલિયાર, મહામંત્રી નરેન્દ્ર સોની, શહેર પ્રમુખ પ્રશાંત દેસાઈ, દાહોદ નગર સેવાસદનના પ્રમુખ રીનાબેન પંચાલ, રાજેશ શેતાઈ, લખન રાજગોર, શ્રદ્ધા ભડંગ, રંજનબેન રાજહંસ, તેમજ અન્ય મહિલા કાર્યકર્તા અને નગર સેવક ઉપસ્થિત રહ્યા હતા.

## ગરબાડા તાલુકાના દેવધામાં મસ મોટા વડલાનું અડધું વૃક્ષ ધરાશાયી થતા કલાકો સુધી ટ્રાફિક જામ રહ્યો


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા


ગરબાડા,

ગરબાડા તાલુકામાં પાછલા ત્રણ–ચાર દિવસથી અવિરત મેઘરાજાએ મહેર કરતા તાલુકાના દેવધા ગામે તારીખ ૧૦ મીના સવારના વર્ષો જૂનું વડલાનું એક મસ મોટું અડધું વૃક્ષ ધરાસાઈ થઈ ગયું હતું. જોકે, સદ્દનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે નુકસાન થયું ન હોવાનું જાણવા મળી રહ્યું છે, પરંતુ ગરબાડા દાહોદ આવતા જતા લોકોને કલાકો સુધી ટ્રાફિકમાં અટવાનો વારો આવ્યો હતો. તો બીજી તરફ સ્થાનિક ગ્રામજનોની કલાકોની જહમત બાદ આ તોતિંગ વડલાના વૃક્ષને હટાવાયું હતું. ઉલ્લેખનીય છે કે, તંત્ર દ્વારા અડધું બાકી રહેલ વડલાનું વૃક્ષ ફરી ધરાસાઈ ન થાય તે માટેની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બાબત બની છે.



લીમખેડાની વડેલા આશ્રમશાળા ખાતે તાલુકા કક્ષાનો કલા ઉત્સવ યોજાયો. જેમાં ક્લસ્ટર કક્ષાએ પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થીઓ એ જુદી જુદી ચાર સ્પર્ધાઓમાં ભાગ લીધો. જેમાં બીઆરસી કો.ઓ. ઋષિભાઈ દ્વારા વિજેતા થયેલા બાળકોને રોકડ ઈનામ તથા ભાગ લેનાર તમામ બાળકોને રાષ્ટ્રીય ધ્વજ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

પવિત્ર શ્રાવણ માસની પૂનમે ગરબાડાના કષ્ટભંજન હનુમાનજીને એક હનુમાન ભક્ત દ્વારા મધ્ય પ્રદેશ થી સ્પેશિયલ ચોળાનો શ્રીંગાર કરનાર કારીગરને બોલાવવામાં આવ્યો હતો અને હનુમાનજીને ભગવાન શિવનું રૂપ આપવામાં આવ્યું હતું. હનુમાનજીના ચોળાનો આ શ્રૃંગાર અત્યંત નયન રમ્ય અને મનમોહક લાગી રહ્યો છે.




## નગરાળાની ભારતી બી.એડ. કોલેજ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

ગુર્જર ભારતી બી.એડ કોલેજ નગરાળા ખાતે પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ તેમજ સ્ટાફ મિત્રોએ રક્ષાબંધન પર્વનું સાંસ્કૃતિક મહત્વ સમજાવી. આ પવિત્ર પર્વની તાલીમાર્થી બહેનોએ કોલેજમાં અભ્યાસ કરતા ભાઈઓને રક્ષા કવચ રૂપે અવનવી ડિઝાઈનની રાખડી બાંધી ભાઈઓને સદાય સુખી રહે તેવા આશીર્વાદ આપ્યા હતા. રક્ષાબંધન પર્વમાં તમામ સ્ટાફ મિત્રો પણ સહભાગી થયા હતા. આ પ્રસંગે કોલેજના અધ્યાપક અંકિતભાઈ રણા એ રક્ષાબંધનનું શાસ્ત્રોકત અર્થ સમજાવ્યો હતો. રક્ષાબંધનનો તાલીમાર્થીઓને જાણકારી આપી હતી. સૌ તાલીમાર્થીઓએ આ પર્વને આવકાર્યો હતો અને ઉત્સાહ થી ભાગ લીધો હતો.

## ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન ગણાવા દ્વારા રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરાઈ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકા પંચાયત કચેરી ખાતે તા. પ્રમુખ મનીષાબેન ગણાવા દ્વારા તાલુકા વિકાસ અધિકારી હિરલ પટેલ, તેમજ ગરબાડા તાલુકા પંચાયતના કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધનની શુભકામનાઓ પાઠવી હતી.

## બાટણપુરા પ્રાથમિક શાળામા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી



દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નવા નગર ક્લસ્ટરની બાટણપુરા ફળિયા વર્ગ પ્રાથમિક શાળામાં ૧૦ ઓગષ્ટના રોજ શાળાના આચાર્ય પ્રેમીલાબેન મકવાણાના આયોજનપણા હેઠળ રક્ષાબંધન પર્વની આનંદ ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાની છોકરીઓએ છોકરાઓના હાથમાં સુંદર રાખડી બાંધીને કુમકુમ ચોખાથી તિલક કરીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. શાળાના ચાંદનીબેન મહેશકુમાર સોલંકી અને મીનલબેન હર્ષદભાઈ પટેલે ખુબ જ રસપ્રદ રીતે અને ઊંડાણપુર્વક પોતાની આગવી શૈલીમા અત્યંત ઉપયોગી અને જાણવાલાયક બાળકોને રક્ષાબંધન પર્વ એટલે ભાઈ બહેનના નિર્મળ સ્નેહનો તહેવાર તથા રક્ષાબંધન પર્વનું તથા રાખડીનું પૌરાણિક મહત્વ ખુબ જ સુંદર રીતે સમજાવ્યું હતું. શાળાના બાળકોએ ઉત્સાહભેર રક્ષાબંધનની ઉજવણીમાં આનંદ માણ્યો હતો તથા આ પર્વની ઉજવણીને લઈને બાળકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. બાળકોના હાથમાં અનોખી રંગબેરંગી રાખડીઓ જોવા મળી હતી તથા બાળકોમા અનોખી ખુશીની લાગણી છવાઈ ગઈ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.297

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાના હમીરપુર નજીક ડમ્પીંગ સાઈડ ઉપર

# પાલિકા વિસ્તારનો કચરો અને ગંદકી ઠલવાતાં આસપાસના ગામોમાં રોગચાળાનો ભરડો

- ડમ્પીંગ સાઈડ નજીકના ગામોમાં દુર્ગંધ અને જીવાતનો ઉપદ્રવ થી લોકો પરેશાન.
- હમીરપુર પંચાયત દ્વારા ડમ્પીંગ સાઈડની સમસ્યાને લઈ ચીફ ઓફિસરને લેખિત રજુઆત.



ગોધરા,

ગોધરા તાલુકા હમીરપુર ગ્રામ પંચાયત નજીક ગોધરા પાલિકા દ્વારા ડમ્પીંગ સાઈડ ઉપર આડેધડ કચરો ઠાલવી દેવામાં આવતાં ગંદકી અને દુર્ગંધ થી હમીરપુર તેમજ આસપાસના ગામોના લોકો પરેશાન થઈ રહ્યા છે અને ગંદકીને લઈ રોગચાળાના ભરડામાં સપડાઈ રહ્યા છે. ત્યારે આ ડમ્પીંગ સાઈડ ઉપર ઠલવાતા કચરાનો નાશ કરવામાં આવે તો જરૂરી છે. તેવી માંગ સાથે પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરાઈ.

ગોધરા પાલિકા વિસ્તાર માંથી ઘન કચરાના નિકાલ માટે હમીરપુર નજીક ડમ્પીંગ સાઈડ ઉભી કરવામાં આવી છે. છેલ્લા કેટલાક વર્ષોથી શહેરના ગંદકી અને કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. તેમાં પણ ડમ્પીંગ સાઈડ મરેલા પશુઓ પણ ફેંકવામાં આવે છે. પાલિકાના કચરાના વાહનો દ્વારા ડમ્પીંગ સાઈડની આસપાસ પણ કચરો ઠાલવી દેવામાં આવતો હોય છે. જેને લઈ ડમ્પીંગ સાઈડ નજીકના ગામો હમીરપુર, મોદીના મુવાડા, લખમણપુરા, રણછોડપુરા, ચિખોદ્રા જેવા ગામોમાં ડમ્પીંગ સાઈડમાં ઠલવાયેલ કચરાની દુર્ગંધ અને ગંદકીનો ભોગ બની રહ્યા છે. ડમ્પીંગ સાઈડ ઉપર કુતરા અને ડુકકરનો પણ ત્રાસ વધ્યો છે. ગંદકીને લઈ જવાતોનો ઉપદ્રવથી આસપાસના ગામોના રહિશો પરેશાન થઈ રહ્યા છે અને દુર્ગંધ અને ગંદકીને લઈ આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો બિમારીનો ભોગ બની રહ્યા છે. ગરીબ લોકોને દવા ગોળીઓના ખર્ચ આવી મોંઘવારીમાં પરવડતો નથી.

હમીરપુર નજીક જ્યારે પાલિકા દ્વારા ડમ્પીંગ સાઈડ બનાવવામાં આવી ત્યારે ઠલવાતા ઘન કચરાને સેન્દ્રીય ખાતરમાં કન્વરટ કરવાનો પ્રોજેકટ હતો. તેની અમલવારી નહિ કરતાં ગંદા ક્ચરાના ઢગલાઓ થયેલ છે અને તેની ગંદકીના ભોગ આસપાસના ગામોના લોકો બની રહ્યા છે. ગોધરા પાલિકાની ડમ્પીંગ સાઈડ ખાતે સેન્દ્રીય ખાતર બનાવવાના પ્લાન્ટ શરૂ કરવા માટે કરોડો રૂપીયાની ગ્રાન્ટ ફળવાઈ હતી. તેના પાલિકા દ્વારા યોગ્ય ઉપયોગ નહિ કરતાં ડમ્પીંગ સાઈડ ઉપર ઠલવાતા ઘન કચરાનો યોગ્ય નિકાલ થઈ રહ્યો નથી. જો સાચા અર્થમાં પાલિકા દ્વારા બનાવવામાં આવેલ ડમ્પીંગ સાઈડ સેન્દ્રીય ખાતર બનાવવાના પ્રોજેકટની અમલવારી કરાઈ નથી. ત્યારે ગોધરા પાલિકાની ડમ્પીંગ સાઈડને લઈ પરેશાન થતાં હમીરપુર ગ્રામ પંચાયતના સરપંચ અને રહિશો દ્વારા પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરી સમસ્યા હલ કરવા રજુઆત કરાઈ.

## એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ વ્યાખ્યાનમાળા યોજાઈ




ગોધરા,

હાલમાં ''આઝાદી કા અમૃત મહોત્સવ'' આઝાદીના ૭૫ વર્ષને ઉજવવાની તૈયારી થઈ રહી છે, ત્યારે એક ગોધરા શ્રેષ્ઠ ગોધરાએ આઝાદીના મહાનાયક એવા ચંદ્રશેખર આઝાદના જીવન કવન ઉપર વ્યાખ્યાન માળા યોજી હતી. જેમાં મુખ્ય વક્તા તરીકે મધ્યપ્રદેશના જાબવા નગર થી રિટાયર્ડ પ્રોફેસર કૃષ્ણકાંત ત્રિવેદીજી આવ્યા હતા. કૃષ્ણકાંત ત્રિવેદીએ ચંદ્રશેખર આઝાદના જીવન ઉપર રિસર્ચ પણ કર્યું હતું. જેનો ભારત સરકારે સ્વીકાર કર્યો છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ તથા જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રેડક્રોસ ભવન હોલમાં તિરંગાઓ લગાવીને, રાષ્ટ્રભક્તિના ગીતો વગાડીને વાતાવરણ દેશભક્તિ થી રંગાઈ ગયું હતું. ગોધરાના અગ્રણીઓ અને પ્રબુદ્ધ નાગરિકો આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે એક ગોધરા શ્રેષ્ઠ ગોધરાના અદયક્ષ આશિતભાઈ ભટ્ટ એ સંસ્થાએ કરેલા અનેક કાર્યક્રમોની આછેરી ઝલક રજૂ કરી હતી અને મુખ્ય મહેમાનો તથા પ્રબુદધ નાગરિકોને આ એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા સાથે જોડાવા આહવાહન કર્યું હતું. એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા શ્રીમદ્ ભગવત ગીતા, આદ્ય જગતગુરૂ શંકરાચાર્ય, છત્રપતિ શિવાજી મહારાજ, મહારાણા પ્રતાપ, વગેરે પાત્રો ઉપર વ્યાખ્યાન માળા યોજી હતી. પ્રખર રાષ્ટ્રવાદી રાષ્ટ્રીય વકતા પુષ્પેન્દ્ર કુલુંશ્રેષ્ઠજીને પણ ગોધરા બોલાવ્યા હતા. ૧૫ મી ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીના રોજ ગોધરાના મંદિરોમાં આરતી પછી તિરંગા લહેરાવીને રાષ્ટ્રગીત ગાવાની શરૂઆત પણ પણ કરી છે. શેરી ગરબા સંવર્ધન સમિતિ દ્વારા ગોધરાએ ગોધરામાં કરેલ કાર્યની વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે પર્યાવરણ બચાવવા બારીયા નગરના ગૌશાળામાં બનતી ગણેશજીની પવિત્ર ગાયના છાણની મૂર્તિ પણ મૂકવામાં આવી હતી અને તમામ ગણેશ મંડળો તથા ઘરમાં સ્થાપન કરતા ગણેશ ભક્તોને હાકલ કરવામાં આવી હતી કે પર્યાવરણને બચાવવા ગણેશજીની આ સંપૂર્ણ ઈકો ફ્રેન્ડલી ગાયના છાણ અને પવિત્ર મૂત્રની બનેલી મૂર્તિની સ્થાપના કરવામાં આવે. આ પ્રમાણે આશિતભાઈ જાણકારી આપ્યા બાદ મુખ્ય વક્તા કૃષ્ણકાંત ત્રિવેદીજીએ ચંદ્રશેખર આઝાદ વિશે અદ્દભુત વકતવ્ય આપ્યું. તેમના વકતવ્યમાં અનેક એવી ચંદ્રશેખર આઝાદના જીવનની નહીં સાંભળેલી વાતો સાંભળવા મળી હતી. પ્રેક્ષક ગણ સમાધિષ્ઠ થઈ ગયા હતા. આજે પહેલી વાર એવું બની રહ્યું હતું કે, ઉપસ્થિત પ્રેક્ષક ગણ એક જ ચિંતામાં હતો કે આ વકતવ્ય પૂરૂં ના થઈ જાય વક્તા સતત બોલતા રહે એવું અદ્દભુત વકતવ્ય કૃષ્ણકાંત ત્રિવેદીજીએ આપ્યું ત્યારે લોકોને એમ લાગ્યું કે ભગતસિંહ કે ચંદ્રશેખર આઝાદ એ પડોશીના ઘરે નહીં પરંતુ મારી ઘરે જન્મવા જોઈએ. ચંદ્રશેખર આઝાદના જન્મ સ્થળ મધ્યપ્રદેશના ભાબરા થી પવિત્ર માટી લાવવામાં આવી હતી. તેનું કલેક્ટરએ, ડીડીઓ એ અને પોલીસ અધિક્ષક તથા આશિતભાઈએ પૂજન કર્યું હતું અને અંતમાં ઉપસ્થિત તમામ શ્રુતાઓએ માટી સમક્ષ નતમસ્તક થઈ પૂજન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા મિતેશ પટેલ, જયેશ ભરવાડ, કાંતિભાઈ, દેવેશ પટેલ, દિપેશ ઠાકોર, નિર્મિત દેસાઈ, દિનેશ પટેલ વગેરે ખૂબ જહેમત કરી હતી. સંસ્થાના માર્ગદર્શક પરિમલભાઈ પાઠકે કાર્યક્રમ વિશે આખી ટીમને માર્ગદર્શિત કરી હતી. આમ આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમની શરૂઆત એક ગોધરા...શ્રેષ્ઠ ગોધરા... દ્વારા ગોધરા ખાતે ખૂબ ઉત્સાહથી કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ભારત માતાકી જય, વંદે માતરમના જય ઘોષથી આખો હોલ ગુંજી ઉઠ્યો હતો.

## કાલોલ નગર અને તાલુકામાં ૭૫માં અમૃત મહોત્સવ નિમિતે તિરંગા બાઈક રેલી યોજાઈ



કાલોલ,

કાલોલ શહેર સહિત તાલુકા ખાતે ૭૫માં ''આઝાદી કા અમૃત મહોત્સવ'' નિમિતે ભવ્ય તિરંગા બાઈક યાત્રા યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય સુમનબેન ચૌહાણ અને જીલ્લા ભાજપના પ્રમુખ અશ્વિનભાઈ પટેલે રેલીને પ્રસ્થાન કરાવી હતી. ત્યારે કાલોલ ભાજપના તમામ કાર્યકરો દેશ ભક્તિનાં રંગે રંગાઈ ગયા હતા. ભારતના આઝાદી ૭૫ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. એટલે કેન્દ્ર સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અભિયાન અંતર્ગત હર ઘર તિરંગાના કાર્યક્રમો ચાલી રહ્યા છે. હર ઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી સતત ૩ દિવસ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે. તેમજ આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અને હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લામાં જોરશોરથી તૈયારી ચાલી રહી છે. જે અંતર્ગત કાલોલ શહેર સહિત તાલુકામાં બુધવારે ભવ્ય તિરંગા બાઈક યાત્રા યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય સુમનબેન ચૌહાણ અને જીલ્લા ભાજપના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, જીલ્લા ભાજપના ઉપાદયક્ષ ડો. યોગેશભાઈ પડ્યા, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રાજપાલસિંહ જાદવ, તાલુકા ભાજપ પ્રમુખ નરેન્દ્રસિંહ ગોહિલ, કાલોલ શહેર ભાજપ પ્રમુખ ગૌરાંગભાઈ દરજી, તાલુકા પંચાયત પ્રમુખ જયદેવસિંહ ઠાકોર, કાલોલ નગરપાલિકાના પ્રમુખ શૈફાલીબેન ઉપાદયાય સહિત વિવિધ મોરચાના ભાજપના પ્રમુખ અને હોદ્દેદારો તિરંગા બાઈક યાત્રામાં જોડાયા હતા. જેમાં તાલુકાના મઘવાસ ગૌષ્ણેશ્વર મહાદેવ મંદિર ખાતે થી પ્રસ્થાન કરાવ્યું હતું. જે તિરંગા બાઈક યાત્રા કાલોલ શહેરના સર્કીટ હાઉસ ખાતે આવી પહોચી હતી. જે સર્કીટ હાઉસ ખાતેથી નીકળી શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી. ત્યારે આ તિરંગા બાઈક યાત્રા અંતર્ગત કાલોલ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## શહેરા સરકારી વિનયન કોલેજ ખાતે તિરંગો ક્રિએટીવ સ્પર્ધાનું આયોજન કરાયું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા સરકારી વિનયન કોલેજ ખાતે આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા ક્રિએટિવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ ઉત્સાહ પૂર્વક સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ભારત સરકાર દ્વારા ભારતની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થતાં ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જેમાં હર ઘર તિરંગા મહોત્સવ થકી શહેરામાં આવેલી સરકારી વિનયન કોલેજ ખાતે તિરંગા ક્રિએટિવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રધ્વજને વિવિધ રીતે રજૂ કર્યા હતા અને પોતાની દેશ પ્રત્યેની ભાવના આ રીતના હુંનર થકી વ્યક્ત કર્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના ચહેરાને તિરંગા થકી રંગ્યો હતો. કેટલાક વિદ્યાર્થીઓએ કપડાં પર કાગળ પર તો સેલ્ફી વિથ તિરંગાના માધ્યમ થકી રાષ્ટ્રધ્વજને સર્જનાત્મક પદ્ધતિએ રજૂ કરી દેશભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. સમગ્ર સ્પર્ધાનું આયોજન સરકારી વિનયન કોલેજના આચાર્ય વિપુલ ભાવસારના માર્ગદર્શન હેઠળ એન એન.એસ અને એન.સી.સી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું સંચાલન પ્રાધ્યાપક લતાબેન બારૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે નિર્ણાયક તરીકે ડો.ઉર્વશી ઉમરેઠીયા અને પ્રાધ્યાપક ભૂમિ ગુર્જરે પોતાની સેવાઓ આપી હતી. કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



ગઢ પ્રાથમિક શાળામાં આઝાદી કા અમૃત મોહોત્સવ નિમિત્તે ગઢ ગામ ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. જેની અંદર બાળકો દ્વારા ખૂબ જ ઉત્સાહિત થઈ ભાગ લેવામાં આવ્યો અને આખા ગામમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

## ગોધરા બસ સ્ટેશન માંથી એક ઈસમને ૨૭ હજારના દારૂ સાથે ઝડપી લેવાયો

ગોધરા,

ગોધરા લાલબાગ બસ સ્ટેશન પાર્સલ ઓફિસ પાસે બેઠેલ ઈસમ પાસે ઈંગ્લીશ દારૂનો જથ્થો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂના કવાટરીયા કિંમત ૨૭,૫૧૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા બસ સ્ટેશનમાં પાર્સલ ઓફિસની બાજુ એક ઈસમ પાસે બે મીણીયા થેલામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે અને બસની રાહ જોવે છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન વ્હીસ્કી કવાટરીયા નંગ-૨૬૨ કિંમત ૨૭,૫૧૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે રાધેશ્યામ શનીરામ વણઝારાને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો.

## ઘોઘંબાના પ્રાથમિક શિક્ષક રાજેશકુમાર પટેલને "ગુજરાત ગૌરવ સેવા રત્ન એવોર્ડ" એનાયત




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાની દુધાપરા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશકુમાર પટેલ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ શાળા સમય બાદ અને ખાસ કરીને રજાના સમયમાં સંપૂર્ણ નિઃસ્વાર્થ પણાના ભાવ સાથે કરવામાં આવે છે. હાલમાં આ વર્ષે ૬૫ જેટલા પગની અશક્તતા ધરાવતા દિવ્યાંગ લોકો સુધી પહોંચીને જાતે જ રૂબરૂમાં મહાનુભાવોના હસ્તે ટ્રાઈ સિકલ તથા વ્હીલચેરનું વિનામૂલ્યે વિતરણ કરે છે.

ઘણા નિરાધાર અને દિવ્યાંગ લોકોની જિંદગીમાં મદદરૂપ થવાનો અવસર સતત પ્રાપ્ત થતો રહે છે. ત્યારે પારાવાર સંઘર્ષોમાંથી પણ પસાર થવું પડતું હોય છે. પરંતુ શિક્ષણના વ્યવસાયની સાથે સમય મર્યાદાનું બંધન હોવા છતાં અલગ રહી અને આવા કાર્યો કરે છે. તો તેઓને સમગ્ર સમાજ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

રાજેશકુમાર પટેલની સેવા પ્રવૃત્તિઓ દ્વારા હાલમાં દાહોદ-મહીસાગર અને પંચમહાલ જિલ્લાના છેવાડાના દિવ્યાંગ લોકો સુધી પહોંચીને માત્ર સેવા નહિ પરંતુ તેઓની આંખો અને હૃદયમાં હર્ષના ઝરણા પણ વહેવા લાગ્યા છે. તેઓને જે સંસ્થા થકી કાર્ય કરવા માટે વિશ્વાસ અને પૂરતુ પ્રોત્સાહન મળી રહ્યું છે. તે "મૈત્રી મંડળ ટ્રસ્ટ" આણંદ-વડોદરા-મુંબઈનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામા આવે છે.

## રક્ષાબંધન પર્વની નિરાળી ઉજવણી વિદ્યાર્થિનીઓએ વૃક્ષને રાખડી બાંધી વૃક્ષાબંધન ઉજવી કરી અનોખી પહેલ



કાલોલ,

કાલોલ તાલુકાની બોરૂ પ્રાથમિક શાળાના પ્રાથમિક વિભાગની વિદ્યાર્થિનીઓએ અનોખું રક્ષા બંધન કર્યું છે. વિદ્યાર્થિનીઓએ વૃક્ષોને રાખડી બાંધીને પર્યાવરણ પ્રત્યે ધ્યાન કેન્દ્રીત કરી તેની જાળવણી કરીને દરેક વ્યક્તિએ જીવનમાં એક વૃક્ષ વાવીને તેનું જતન કરી ઉછેરવું જોઈએ,''વૃક્ષ છે-તો જીવન છે'' તેવો સંદેશો આપ્યો હતો. દેશ અને દુનિયાને ગ્લોબલ વોર્મિંગના ખતરામાંથી બહાર લાવવા માટે વૃક્ષોનું જતન જરૂરી છે. તેમ આ વિદ્યાર્થિનીઓએ જણાવ્યું હતું. પર્યાવરણ બચાવવા માટે દરેકે આગળ આવવું પડશે તેમ જણાવ્યું હતું.

આજ શાળાની ઉચ્ચ પ્રાથમિક વિભાગની વિદ્યાર્થીનીઓ દ્વારા તા.૧૦ ઓગસ્ટે સવારે ૧૨:૨૯ વાગ્યે રક્ષાબંધન પર્વની ઉજવણીના ભાગરૂપે માટીને રાખડી બાંધી માટીની ફળદ્રુપતા, સજીવના જીવનનો આધારસ્તંભ છે, માટે માટીની માવજત આપણી પ્રથમ ફરજ નિભાવવા પ્રેરક સંદેશો આપ્યો હતો.

ઉજવણી દરમ્યાન વિદ્યાર્થીઓ ઈકોફ્રેન્ડલી રાખડીઓ બેસ્ટ આઉટ ઓફ વેસ્ટના હેતુસર મોતી, આભલા, ધાન્ય, રેશમી દોરા, ચાર્ટ પેપરમાંથી રાખડી બનાવી પોતાના સહાધ્યાયી ભાઈઓને રક્ષાબંધન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય શિક્ષક ગૌરાંગ જોશી એ સૌને અપીલ કરી હતી કે, હાલ શ્રાવણ મહિનાનાં પવિત્ર માસમાં રક્ષાબંધન અને જન્માષ્ટરમી જેવા તહેવારો આવી રહ્યાં છે. આ તહેવારોમાં બહેન-ભાઈના ઘેર રાખડી બાંધવા આવે અથવા તો જન્માષ્ટમીમાં કાનુડો રમવા આવે ત્યારે ભાઈ તરફથી બહેનને કંઈક ભેટ આપવામાં આવતી હોય છે. આ ભેટની સાથે આ વર્ષે બહેનને આંબાનું વૃક્ષ પણ ભેટમાં આપવામાં આવે, એ આંબાના વૃક્ષને બહેન પોતાના સાસરીમાં જઈ વાવશે અને તેના પિયરની યાદ સમા આ વૃક્ષનું જતન કરી તેનો દિલથી ઉછેર પણ કરશે. આ પ્રકૃતિ પ્રેમી ઈકો કલબ-જાંબુના કન્વીનર રંજનબેન અને સભ્યો દ્વારા ૨૧ જેટલા આંબાનું વાવેતર કરી આંબાવાડીની ભેટ બહેનોને આપી હતી.

## મોરવા(હ)ના ભુવર ગામનો ૩૦૨નો આરોપી પેરોલ ઉપર છુટી મધ્યસ્થ જેલ વડોદરા હાજર નહિ થઈ ફરાર થતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) પોલીસ મથકના ૩૦૨ના ગુનામાં વડોદરા મધ્યસ્થ જેલમાં સજા કાપતા પાકા કામના આરોપીને ૧૪ દિવસના વચગાળાના જામીન ઉપર છોડવામાં આવ્યા હતા. જે રજા પુરી થતાં વડોદરા જેલમાં હાજર નહી થઈ ફરાર થઈ જતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોધાવા પામી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) પોલીસ મથકના ૩૦૨ના ગુનાના આરોપી ઉદાભાઈ મંગળભાઈ ડાભી (રહે. ભુવર, ડાભી ફળીયા, મોરવા(હ))ને આજીવન કેદની સજા કરતાં પાકા કામના કેદી તરીકે વડોદરા મધ્યસ્થ જેલમાં સજા કાપતા હતા. આરોપીને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૧/૩/૨૦૨૨ના હુકમ થી ૧૪ દિવસની રજા મંજુર કરાઈ હતી. ૪/૭/૨૦૨૨ના રોજ વચગાળાના જામીન પર મુકત કરેલ જે આરોપીની રજા પુરી થઈ જવા છતાં આરોપી કેદી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે હાજર નહી થઈને ફરાર થઈ ગયેલ હોય આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.